# અરવલ્લી જિલ્લામાં તસ્કરોનો તરખાટ

## કરસનપુરા કંપાનો પટેલ પરિવાર પેટલાદ જૈન દેરાસરની પ્રાણ પ્રતિષ્ઠામાં અને મકાનમાં તસ્કરોએ ૧૩.૮૫ લાખની મત્તા લૂંટી ફરાર : મોડાસા રૂરલ પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદથી ચોરોને ઝડપવા કવાયત હાથ ધરી



અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં તસ્કર ટોળકીએ તરખાટ મચાવતા સમય અંતરે નાની-મોટી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી જિલ્લા પોલીસતંત્રને ચેલેન્જ ફેંકી રહ્યા છે. બીજી બાજુ અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર તપાસની કામગીરી દેખાવપૂર્તિ કરતી હોય તેમ ઘરફોડીયા કે તસ્કર ટોળકીને ઝડપવામાં નાકામ સાબીત થતા તસ્કર ટોળકીને જિલ્લાના વિસ્તારોમાં લૂંટની ઘટનાઓને અંજામ આપવા ખુલ્લુ આકાશ મળી ગયુ હોય તેમ છાશવારે લૂંટની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા હોય છે. મોડાસા તાલુકાના કરસનપુરા કંપાના અને મુંબઈ ખાતે બીલ્ડીંગ કન્સ્ટ્રક્શનના ધંધા સાથે સંકળાયેલા પટેલ પરિવારના મકાનને નિશાન બનાવી બંધ મકાનનું તાલુ તોડી રૂ. ૧.૬૫ લાખ રોકડા અને સોના-ચાંદીના દાગીના સહિત ૧૩.૮૫ લાખની મત્તાની ચોરીની ઘટનાને અંજામ આપતા સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તસ્કર ટોળકીને ઝડપી પાડવા ડોગ સ્કવોર્ડ અને એફએસએલની મદદ લઈ ગુન્હો ઉકેલવા કમર કસી હતી.

મોડાસા તાલુકાના કરસનપુરા કંપાના પ્રવિણભાઈ લાલજીભાઈ પટેલ મુંબઈ ખાતે કન્સ્ટ્રક્શનના ધંધા સાથે સંકળાયેલા છે અને પ્રસંગોપાત વતનમાં આવે છે. મુંબઈથી લગ્ન પ્રસંગે કરસનપુરા કંપામાં આવેલ પટેલ પરિવારને ત્યાં તેમની દીકરી સોના-ચાંદીના મુંબઈ ખાતે લઈ જવા આપ્યા હતા તેમજ તેમની પત્નિના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ કરસનપુરા ખાતેના મકાનમાં રહેલી તીજોરીના લોકરમાં રાખીને પેટલાદ ખાતે જૈન દેરાસર પ્રાણ પ્રતિષ્ઠામાં ગયા હતા ત્યારે કોઈ જાણભેદુ વ્યક્તિએ અથવા તસ્કર ટોળકીએ તેમના ઘરે ત્રાટકીને હેફસોબ્લેડથી મકાનની જાળી અને દરવાજાના લોક કાઢી ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી તીજોરીમાંથી લોકરના તાળા તોડી લોકરમાં રહેલી રોકડ રકમ રૂ. ૧.૬૫ લાક અને ૧૨.૨૦ લાખના સોના-ચાંદીના દાગીના મળી કુલ ૧૩.૮૫ લાખની રકમની લૂંટની ઘટનાને અંજામ આપી પલાયન થઈ જતા પટેલ પરિવારના ત્યં મકાનના તાળા તુટેલા જોતા લોકો ભેગા થઈ ગયા હતા અને ઘટનાની જાણ ઘરમાલિકને કરાતા તાબડતોબ કરસનપુરા કંપા દોડી આવી ઘરમાં જોતા તીજોરીનું લોકર તુટેલુ જોતા તેમના હોશકોશ ઉડી ગયા હતા. ચોરીની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને કરતા મોડાસા રૂરલ પીએસઆઈ મેહુલ ચૌહાણ ઘટનાસ્થળે દોડી આવી લૂંટની રકમ ખુબ મોટી હોવાથી લૂંટની ઘટનાને ઉકેલવા ડોગ સ્કવોર્ડ તથા એફએસએલની મદદ લઈ ગુન્હો ઉકેલવા કવાયત હાથ ધરી હતી.





તલોદ તાલુકાના ખેરોલ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમનો લાભ પંથકના ડઝનબંધ ગામોના અરજદારોએ લીધો હતો. અહીં કુલ ૯૪૪ અરજીઓ આવી હતી. જેમાંથી ૯૩૩ અરજીઓનો નીકાલ થયો હતો. જેમાં મામલતદાર, તા.પં. અને ગ્રા. પં. સહિતનું તંત્ર કામે લાગી ગયું હતું.

# આપણા ભૂતકાળને શોધવો હશે તો ગ્રંથો ફંફોસવા પડશે : બળવંતસિંહ રાજપૂત

## ખારેડા ગામે ફુલકમલ ફાઉન્ડેશન સંચાલિત પુસ્તકાલયનો શુભારંભ

ખારેડા, તા. ૨૬

સરસ્વતી તાલુકાના ખારેડા ગામે ફુલકમલ ફાઉન્ડેશન સંચાલિત સાર્વજનિક પુસ્તકાલયનું ઉદ્ઘાટન સિધ્ધપુર ધારાસભ્ય બળવંતસિંહજી રાજપૂતના વરદ હસ્તે દબદબાભેર કરાતું હતો. સંસ્થાને બિરદાવતા ધારાસભ્ય બળવંતસિંહજી રાજપૂતે જણાવ્યું હતું કે આપણા ભૂતકાળને શોધવો હશેતો ગ્રંથો ફંફોસવા પડશે. તેમણે ક્ષત્રિય સમાજના ઈતિહાસનું જતન કરવા પણ ટકોર પણ કરી હતી. તેમણે સંસ્થાના કાંતિકારી વિચારને બિરદાવી જયારે પણ જરૂર પડે ત્યારે યાદ કરવા જણાવ્યું હતું.



પુસ્તકાલયનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે પુસ્તકાલય અને મંદિર હોય તો અવશ્ય સારા સંસ્કારોનું સિંચન થાય છે. આ ઉપરાંત તેમના રસ્તે ખારેડા થા શંકરપૂરા (વહાણા)ને જોડતા ૨૫૦ કિમીના ડામર રોડ અને મહાકાળી મંદિર થી ૧,૧૨૦ મીટરના આર.સી.સી.રોડનું પણ ખાત મુર્હત કર્યુ હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ પશીબેન સોરાપજી ઠાકોર, ઉપપ્રમુખ રફીકભાઈ મોમીન, જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન વિનુભાઈ પ્રજાપતિ, સરસ્વતી તાલુકા પંચાયતના પ્રમુખ વદનજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સારજીજી ઠાકોર, ડબીગેટ સોવનજી ઠાકોર, મહીપતસિંહ રાજપૂત, વદેસિંહ ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો દ્વારા મહાનુંભાવોનું ઉશ્માભેર સ્વાગત કરાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ફુલકમલ ફાઉન્ડેશનના કાર્યકરો, ગ્રામપંચાયતના સચંય સદસ્યો, યુવાનો અને ગ્રામજનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષક ચેતન દેસાઈ અને ગણેશરામ મહારાજે કર્યુ હતું.

# વિરાત્રા વાંકલધામ મહાતીર્થમાં આજથી બે દિવસીય માતાજીનો પાટોત્સવ યોજાશે

પ્રસિદ્ધ યાત્રાધામ વિરાત્રા વાંકલધામ મહાતીર્થમાં આજથી બે દિવસીય માતાજીનો પાટોત્સવ યોજાશે. જેમાં અરવલ્લી-સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓ વિરાત્રા ખાતે ઉમટી પડશે.

આજે તા. ૨૭મીથી માતાજીના પાતોત્સવનો પ્રારંભ થશે. આજે



સોમવારે ૨૭મી સાંજે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. જેમાં મોટો ભક્ત સમુદાય જોડાશે.

જયારે ૨૮મીને મંગળવારે દિવસ દરમિયાન નિયત સમયે ધ્વજારોહણ, બપીરે ૧ વાગે યજ્ઞનું આયોજન છે અને સાંજના પુર્ણાહુતી છે. વાંકલ વિરાત્રા માતા ધર્માર્થ ટ્રસ્ટના પ્રમુખ સહિતના ટ્રસ્ટીઓ દ્વારા બે દિવસીય પાટોત્સવ રંગેચંગે ઉજવવા પુરી તૈયારીઓ કરી દીધી છે.

# કમાલપુર ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ

## કમાલપુર સહિત આજુબાજુમાંથી ૯૬૫ દર્દીઓએ લાભ લીધો ૬૮૦ વ્યક્તિઓએ રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું ૭૮ દર્દીઓનું મફત ઓપરેશન કરી આપવામાં આવશે

પ્રાંતિજ, તા ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતાં લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતાં ગોમમાંથી કુલ- ૯૬૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૬૮૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ૭૮ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. જયારે સંસ્થા દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વિજયનગર, મેઘરજ, ખેડબ્રહ્મા, પોશીના, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, હિંમતનગર અને કમાલપુર સહિત ગામે વિના મૂલ્ય કેમ્પ યોજાયા હતાં જેમાં કુલ-





૧૬૩૨૬ દર્દીઓએ તપાસ કરાવી હતી અને ૧૦૦૧૨ વ્યક્તિઓને રાહત દરે ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જયારે ૧૦૯૨ લોકોને મોતીયાના આપરેશન તેમજ વેલ, ઝામરના ૫૫ મળી ૧૧૪૭ દર્દીઓને આત્મવલ્લભ ઈડર ખાતે વિનામૂલ્યે સફળ ઓપરેશન કરી આપવામાં આવ્યા છે અને કુલ ૪૨૩૫ દર્દીઓને આંખની જરૂરી દવા નિઃશૂલ્ક આપવામા આવી હતી. જયારે સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઊંઝાથી દ્વારકાની બસ શરૂ કરવા યાત્રાળુઓની માંગ

ઊંઝા, તા. ૨૬

વેપારી મથક અને યાત્રાસ્થળ એવા ઊંઝા ખાતેથી સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ દ્વારકાને જોડતી સીધી કોઈ જ બસ સર્વિસ ન હોઈ દ્વારકા જનાર યાત્રિકો અને મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ઊંઝા શહેર એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનથી સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ દેવભૂમિ દ્વારકા જવા માટે સીધા કોઈ જ એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ નથી. ઊંઝા તાલુકામાંથી ઘણા યાત્રાળુઓ સૌરાષ્ટ્રના યાત્રાસ્થળ દ્વારકા ખાતે દર્શનાર્થે જતા આવતા હોય છે.

વધુમાં જામનગર જિલ્લાના સલાયા, ઓખા, મીઠાપુર તરફથી ઘણા યાત્રાળુઓ ઊંઝા નજીકના ઉનાવા ગામે આવેલ મીરાંદાતારની દરગાહે દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ યાત્રાળુઓને પણ ઉનાવા આવવા માટે સીધી કોઈ જ એસ.ટી. બસ મળતી નથી. આમ ઊંઝાથી સૌરાષ્ટ્રના દ્વારકા, ઓખા જવા માટે વર્ષોથી કોઈ જ સીધી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોઈ મુસાફરોને તૂટક તૂટક રીતે મુસાફરી કરવાની ફરજ પડે છે. ત્યારે મહેસાણા એસ.ટી. વિભાગના સત્તાધિશોએ મુસાફરોની વ્યાજબી માંગણીને ધ્યાનમાં લઈને સત્વરે ઊંઝાથી દ્વારકા યા ઓખા સુધીની નવિન બસ સર્વિસ શરૂ કરવી જરૂરી છે.



મહાશિવરાત્રીની રાત્રીએ સાબરકાંઠાના તલોદ ખાતેના શ્રી એકલિંગેશ્વર મહાદેવ ખાતે રાતભર ચાર પ્રહરની પૂજા કરવામાં આવી હતી. શિવભક્તોએ અહીં વિધિ-વિધાન મુજબ મહાપૂજા કરી હતી. જેનો લાભ સંખ્યાબંધ દર્શનાર્થીઓએ લીધો હતો.

# ઊંઝા તાલુકામાં જમીન રેકર્ડનું ઠેકાણુ ન હોવાથી ખેડૂતોને હાલાકી

ઊંઝા, તા. ૨૬

ઊંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા યા તપાસણીના અભાવે કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણ પત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી. વર્ષો જુના રેકર્ડને નવેસરથી બનાવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ પંચાયતોમાં કથિત તલાટીઓએ રેકર્ડ સાથે ચેંડા કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કહેવાય છે. કહે છે કે કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે. કહે છે કે કેટલીક ગ્રામ પંચાયતોમાં વહિવટી અનિમિતતા, ખાયકી સામાન્ય બની ગઈ છે. વિકાસને લગતા તેમજ અન્ય પ્રજાહિતને લગતા કામોમાં ગેરરીતિઓ થકી ભ્રષ્ટાચારના કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે.

ગ્રામ પંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ નથી કે કસૂરદારો સામે કોઈ કડક પગલાં લેવાતાં નથી. ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધિકારીને તપાસ કરવાની પણ ફુરસદ નથી. જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે.

સરકારના લોકકલ્યાણ મેળા તેમજ અન્ય કથિત સિદ્ધિઓના જોરશોરથી ગાણાં ગવાય છે. પરંતુ ગામડાઓમાં ગ્રામ પંચાયતના મહત્વના રેકર્ડ, વહિવટી કામગીરી, થયેલ કામો પ્રગતિમાં છે તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ મનાય છે.

# સાબરકાંઠા જિલ્લા એનએસઆઈયુના પ્રમુખપદે કરણસિંહ સોલંકી વિજેતા

તલોદ, તા. ૨૬

નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ) નામના વિદ્યાર્થી સંગઠનના સાબરકાંઠા જિલ્લા એકમના હોદેદારોની ચૂંટણીના પરિણામ જાહેર થતાં સાબરકાંઠા જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ તરીકે કરણસિંહ રંગુસિંહ સોલંકી (તલોદ)ને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

જેઓ એનએસયુઆઈ સાબરકાંઠા જિલ્લા એકમના કાર્યકારી પ્રમુખ તરીકે ફરજ બજાવતા હતા. જે દરમ્યાન તલાટી ભરતી કૌભાંડના વિરોધમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓને સથવારે સહી ઝુંબેશ ઉપાડી હતી અને કલેક્ટર કચેરી સમક્ષ વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો પણ આપ્યા હતા. તાજેતરમાં જ પ્રમુખપદે વિજેતા થયેલા સોલંકીએ આગામી ભવિષ્યમાં પણ વિદ્યાર્થી આલમના સર્વાંગી હક્ક અને હિત માટે તત્પર રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# મોયદની મહિલાનો પાસપોર્ટ ગુમ થતાં પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં મોયદ રૂપાજી ખાતે રહેતાં ગીતાબેન ડાહ્યાભાઈ કેશવલાલ પટેલ કે જેવોનો પાસપોર્ટ એક વર્ષથી ઘરમાં સામાન અરસપરસ કરતી વખતે મુકાઈ જતા જી૩૮૯૩૨૭૫ નંબરનો પાસપોર્ટ કોઈ જગ્યાએ મુકાઈ જતાં કે ગુમ થતા ગીતાબેન ડાહ્યાભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ ગુમ થયાની ફરીયાદ કરવામાં આવી છે.



## સત્યમ વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો

અરવલ્લી જિલ્લામાં શનિવારે મોડાસામાં શ્રી અખિલ આંજણા મંડળ, સંચાલિત સત્યમ વિદ્યાલયનો વાર્ષિકોત્સવ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ભારે ઉમંગભેર યોજાયો હતો. જેમાં સમાજના ગામે ગામથી ખુબ મોટી સંખ્યામાં વાલીઓ ઉપરાંત સમાજના અગ્રણીઓ, ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી ખુબ જ મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને આ સંકુલને માટે નવીન ઈમારત ઉભી કરવા સહિતની વિવિધ બાબતો અંગે સહુના સહકારથી જેમ આ સંકુલ ઉભુ થયું તેમ વિસ્તારવા પણ સાથે મળી પરામર્શ કરવા અને આર્થિક સહયોગ મેળવી આગળ વધવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. મોડાસા ખાતેનું હાલનું સંકુલ ચૌધરી સમાજના બાળકોના શિક્ષણ માટે અત્યંત ઉપયોગી છે જ તે ઉપરાંત હવે તો જિલ્લા મથકે આવુ સંકુલ સમાજની પ્રતિષ્ઠા વધારનારૂ અને ગૌરવરૂપ છે જેમાં હજુ ઘણુ કરવાપણું હોઈ સહુને સાથ સહકાર માટે અનુરોધ કરાયો હતો.